દિવ્ય ભાસ્કર

# રોડ ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાં ઉત્કુષ્ઠ પ્રદર્શન માટે ગુજરાત લોજિસ્ટિક્સ સતત બીજી વખત એપોલો સી.વી એવોર્ડ ૨૦૧૭થી સન્માનિત

મુન્દ્રા પોર્ટ સ્થિત કંટેનર ટ્રાન્સપોર્ટ વ્વસાય સાથે સંકળાયેલ ગુજરાત લોજિસ્ટિક્સને ટ્રાન્સપોર્ટ અને ઓટો ઉધોગના પ્રતિષ્ઠિત એવોર્ડ એપોલો સી.વી એવોર્ડસ ૨૦૧૭માં સ્મોલ ફલીટ ઓપરેટર ઓફ ધી યર એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે.

આ એવોર્ડ સમારંભ તા. ૯મી ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ હોટેલ આઈ ટી.સી ગ્રાન્ડ , મુંબઈ ખાતે યોજાયેલ હતો. જેમાં ગુજરાત લોજિસ્ટિક્સના પાર્ટનર શ્રી દિપક ઠક્કર અને રાજેશ મઢવીને વોલ્વો આઈસરના ચીફ ટેકનોલોજી ઓફિસર શ્રી રાજિંદરસિંગ સચદેવના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવેલ હતો.




Mr. Deepak Thacker & Mr Rajesh Madhvi receiving the award trophy from Mr Rajindersingh Sachdeva ,CTO - Volvo Eicher Group

આ ઉપરાંત આ એવોર્ડ સમારંભમાં શ્રી નલિન મહેતા એમ.ડી.મહિન્દ્રા ટ્રક એન્ડ બસ , શ્રી આર.રામકુષ્ણ , સીનિયર વાઈસ-પ્રેસીડેન્ટ ,ટાટા મોટર , શ્રી વિનોદ અગ્રવાલ સી:ઈ.ઓ વોલ્વો. આઈસર , શ્રી માર્કસ વીલ્લિગેર એમ.

ડી. ડેમલર ઈંડિયા , શ્રી જી રઘુરામ , ડીરેક્ટર, આઈ આઈ એમ , અમદાવાદ તથા અન્ય ઓટો ઉધોગ સાથે સંકળાયેલ વિવિધના માંકિત અગ્રણીઓ અને ભારત સરકાર , રોડ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટ્રીના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહેલ હતા.

સી વી એવોર્ડસ એ ભારતના ઓટો અને રોડ ટ્રાન્સપોર્ટ ઉધોગ માટે એક સન્માનિય ઓળખ માનવામાં આવે છે. જે દર વર્ષે ભારતીય કોર્મશિયલ વેહિકલ અને રોડ ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે સંકળાયેલા વિવિધ કંપનીઓના દેશભરમાંથઈ આવેલ નામાંકન માંથી સ્વતંત્ર જ્યુરી પ્રેનલ દ્વારા વિવિધ પાસાઓનું મુલ્યાંકન કરી પસંદ વિજેતાઓને તેઓના ઉત્કુષ્ઠ પ્રદર્શન માટે સીવી એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે.